# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૧ તા.૩૧-૦૭-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ના બાળકોને 'સંસ્કૃત ગૌરવ પરીક્ષા'માં ભાગ લેવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : DPE/SKL/e-file/105/2024/3897/Sankalan તા.૨૬-૦૭-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વિશ્વસ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણ કાર્ય માટે ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની માધુર્યતાનો પરિચય થાય તે માટે 'સંસ્કૃત ગૌરવ પરીક્ષા' પ્રકલ્પ ચાલી રહયો છે. આ માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં આપેલ સૂચના અને માર્ગદર્શન મુજબ ભાગ લેવા જણાવવામાં આવે છે. સદર પરીક્ષા ૦૭-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ લેવાનાર છે.

ઉક્ત વિગતે 'સંસ્કૃત ગૌરવ પરીક્ષા'માં ધો.૬ થી ૮ના પ્રાથમિક શાળાના બાળકોને સ્વેચ્છાએ ભાગ લેવા જાણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૭-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક: DPE/SKL/e-file/105/2024/3897/Sankalan
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર.

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના બાળકોને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" માં ભાગ લેવા બાબત.
**સંદર્ભઃ-** સંસ્કૃત ભારતી, અમદાવાદનો પત્ર તા. ૨૭/૦૬/૨૦૨૪

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સંસ્કૃત ભારતી, અમદાવાદના તા.૨૭/૦૬/૨૦૨૪ના પત્ર અન્વયે સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહયો છે. ગુજરાત રાજયમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યુ છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જે ચાલુ વર્ષે તા.૦૭/૧૨/૨૦૨૪ ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે. જે અંતર્ગત શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓની વિગતો મોકલવાની તારીખ, પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે. "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" માં પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.

**<u>પરીક્ષા પ્રણાલીઃ-</u>**

કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.
- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.
ધોરણ- ૬ થી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઇ પણ વિદ્યાર્થીઓ તેમજ સામાજિક વ્યકિત આ પરીક્ષામાં ભાગ લઇ શકે છે.
એક વર્ષમાં એક સાથે સોપાન ક્રમે સૌપ્રથમ પ્રવેશિકા અને પ્રદીપિકા ત્યાર બાદ જ પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

**<u>પંજીકરણ (Registration) પહેલાની પ્રક્રિયાઃ-</u>**

સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતોઃ-
કેન્દ્ર સંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓના નામ, જન્મ તારીખ, મોબાઇલ નંબર અને કઇ પરીક્ષા આપવાની છે તેની માહિતી એકત્ર કરી લેવી. પ્રત્યેક વિદ્યાર્થીઓની પરીક્ષા ફી પણ સંયોજકે મેળવી લેવી. પ્રત્યેક પરીક્ષા દીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે નકકી કરી લેવું. ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્ર સંયોજકનું પુરૂ નામ, ઇમેઇલ, મોબાઇલ નંબર, કેન્દ્રનું સરનામુ, પીનકોડ નંબર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે વિગતો ફોર્મમાં ભરાવતા પહેલા તૈયાર રાખવી.

**<u>પંજીકરણ (Registation) પ્રક્રિયાઃ-</u>**

સૌ પ્રથમ Google Playstore માં જઇને સંસ્કૃતગૌરવપરીક્ષા એપ્લિકેશન ડાઉનલોડ કરી ઇ-મેઇલ આઇડીથી લોગીન કરવું, ત્યાર બાદ Register as institute પર કિલક કરવાથી સંસ્કૃતગૌરવપરીક્ષા સંબંધી માહિતી અને સૂચનાઓ વાંચી સૌથી નીચે Continue બટન પર કિલક કરવાથી ફોર્મ ખુલશે. ફોર્મ સંપૂર્ણ ભરાઇ ગયા બાદ Register and pay fee કિલક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઇ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઇ ગયા બાદ આપને My Registration માં Waiting for confirmation નો સંદેશ બતાવશે. તેમાં સંસ્કૃતગૌરવપરીક્ષા કાર્યાલય દ્વારા ૨૪ કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓની યાદી માટેની એકસલ ફાઇલ ડાઉનલોડ કરી બધી વિગતો દેવનાગરી લીપિ/હિન્દીમાં ભરી તૈયાર રાખવી, ત્યાર બાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગેરે પ્રક્રિયાઓ કરી શકશો.

નોંધઃ- રજિસ્ટ્રેશનની પુષ્ટી થયા બાદ વિદ્યાર્થીઓના નામની યાદી વાળી Excel File પાંચ દિવસમાં અપલોડ કરવાની રહેશે.
(ખ) અંતિક દિનાંક સુધીમાં રજીસ્ટ્રેશન કરી દેવું, ત્યાર બાદ રજીસ્ટ્રેશન થઇ શકશે નહિ.
(ઘ) યાદીમાં જે પરીક્ષાર્થીનું નામ લખેલ હશે, તે જ નામનું પ્રમાણપત્ર લખવામાં આવશે. તેથી યાદીમાં પરીક્ષાર્થીનું પુરૂ નામ, પિતાજીનું નામ અને છેલ્લે અટક લખવી.

**<u>સંસ્થા માટે પરીક્ષા શુલ્કઃ-</u>**

(૧) પ્રવેશિકા- રૂ. ૬૦ (૨) પ્રદીપિકા- રૂ. ૬૦ (૩) પ્રમોદિકા- રૂ.૬૦
(૪) પ્રવાહિકા- રૂ. ૬૦
(કેન્દ્ર સંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ. ૧૦ આપવામાં આવે છે. આ દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે)

**<u>પરીક્ષાઃ-</u>**

ચારેય પરીક્ષાઓ O.M.R. પધ્ધતિથી લેવામાં આવશે. કુલ ૫૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નના ૦૨ ગુણ રહેશે.

**<u>પરિણામ અને પ્રમાણપત્રઃ-</u>**

(ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમ કે..
તૃતીય શ્રેણીઃ ૪૦ થી ૫૪
દ્વિતીય શ્રેણીઃ ૫૫ થી ૬૯
પ્રથમ શ્રેણીઃ ૭૦ થી ૮૪
વિશેષયોગ્યતાઃ ૮૫ થી ૧૦૦
(ખ) પરીક્ષા પુરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે. (પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે)
આ પરીક્ષા બાબત કોઇ પણ પ્રશ્ન હોય તો નીચેના નંબર પર સંપર્ક કરવાનો રહેશે.

**<u>પરીક્ષા સમયસારિણીઃ-</u>**

તા. ૦૭/૧૨/૨૦૨૪, શનિવાર (સંભવિત)
(ક) પ્રવેશિકા, પ્રમોદિકા ૧૧:૩૦ થી ૧૨:૩૦
(ખ) પ્રદીપિકા, પ્રવાહિકા ૧૦:૦૦ થી ૦૨:૦૦

**<u>સંપર્કસૂત્રઃ-</u>**

સંયોજક (ગુર્જર પ્રાંત), ડૉ. નિકુંજ પટેલ, (M) ૯૮૯૮૪૭૦૦૭૦
સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાંત), શ્રી અમિત ગોર (M) ૯૬૩૮૮૩૧૫૧૮
સહ સંયોજક (ગુર્જર પ્રાંત) ડૉ. નૈતિક પ્રજાપતિ (M) ૯૬૨૪૨૫૪૨૨૩
સંપર્ક નંબરઃ- ૦૭૯-૨૫૩૮૪૮૦૮, સમયઃ- સવારે ૧૦ થી ૫
વોટસએપ મેસેજ માટે (M) ૯૪૨૯૫૨૯૬૬૪
Email: sgpariksha@gmail.com

ઉકત બાબતે "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" માં પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ ભાગ લેવા બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

Signature Not Verified

Signed by:B.D.Baria
Deputy Director of Education (Plan)
Date:2024.07.30
14:38:51 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign